ગાંધીનગર સમાચાર
તા. ૩૦-૧૦-૨૦૧૪, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી....

### મહારાષ્ટ્રમાં નવું નેતૃત્વ - ફડણવીસ

ગુજરાત ક્યારેક બૃહદ્ મુંબઇ રાજયનો જ એક ભાગ હતું. નહેરૂએ ભાષાવાર પ્રાંત રચનાનો સિદ્ધાંત અમલી બનાવ્યો ત્યારે પણ ગુજરાતીઓને મુંબઇ છોડવું પસંદ નહોતું એથી આખા દેશમાં મુંબઇ રાજય એકલું જ દ્વિભાષી રાજય તરીકે ઓળખાતું હતું. પહેલા મુખ્યમંત્રી બાળાસાહેબ ખેરની મુંદત પૂરી થયા પછી મોરારજી દેસાઇ મુંબઇ રાજયના મુખ્યમંત્રી બન્યા હતા. મહાગુજરાત આંદોલનમાં ગુજરાતીઓનો રોષ વહોરીને પણ મોરારજી દેસાઇ મુંબઇ રાજયની તરફેણ કરતાં રહ્યા હતા. એમને મુંબઇથી ગુજરાતને અલગ પાડવું ગમ્યું નહોતું પરંતુ આખરે, ૧ મે, ૧૯૬૦ના દિવસે અલગ અલગ બે રાજયો અસ્તિત્વમાં આવ્યાં હતા : મહારાષ્ટ્ર અને ગુજરાત. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં ચૂંટણીમાં મહારાષ્ટ્રને 'મોટાભાઇ' તરીકે ઓળખાવી ગુજરાતના મુંબઇ અને મહારાષ્ટ્ર સાથેના નાભિ-નાળ સંબંધની યાદ અપાવી હતી. ભારતીય જનતા પાર્ટીની સ્થાપના જ મુંબઇ ખાતે યોજાયેલ અધિવેશનમાં થઇ હતી. હિંદુત્વની વિચારસરણીને વરેલી રાષ્ટ્રવાદી પાર્ટીને સ્વાભાવિક રીતે જ શરૂથી બાળાસાહેબ ઠાકરેના કટ્ટર મરાઠાવાદી અને હિંદુપત પાદશાહીના શિવાજી પ્રેરિત કટ્ટર મુસ્લિમ વિરોધી રાજદ્વારી સંગઠન - શિવસેનાનો ટેકો મળી જતાં મહારાષ્ટ્રમાં ભાજપે 'નાનાભાઇ'નો રોલ સ્વેચ્છાએ સ્વીકાર્યો હતો. કોંગ્રેસનો ગઢ ગણાતા મહારાષ્ટ્રમાં ખમતીધર મરાઠા નેતા શરદ પવારે સોનિયા ગાંધીના ઇટાલિયન ગોત્રના મુદ્દે પાર્ટી (એનસીપી) એક શક્તિશાળી પ્રાદેશિક પક્ષ તરીકે ઊપસી આવી હતી. શિવશેના અને ભાજપની સંયુક્ત સરકારનું નેતૃત્વ સ્વાભાવિક રીતે જ 'મોટાભાઇ' તરીકે શિવસેનાના ફાળે ગયું હતું. મનોહર જોષી મહારાષ્ટ્રના પ્રથમ બિનકોંગ્રેસી મુખ્યમંત્રી બન્યા હતા. મુંબઇ મહાનગરપાલિકા પર શિવસેનાનું અખંડ દીવા જેવું શાસન ચાલતું રહ્યું છે. બાળાસાહેબ ઠાકરે એક એવા છાતીકઢા નેતા હતા, જે દેશનાં બંધારણને પણ પડકારી શકતા હતા અને મહાત્મા ગાંધીને રાષ્ટ્રપિતા માનવાનો પણ ઇનકાર કરી શકતા હતા. ઇ.સ. ૨૦૦૨નાં ઐતિહાસિક રમખાણો પછી મોદી પર ચોમેરથી ફીટકાર વરસાવાઇ રહ્યો હતો ત્યારે હિંદુત્વના સંરક્ષક તરીકે એમણે વાજપેયીના વિરોધ છતાં નરેન્દ્ર મોદીને ગુજરાતના મુખ્યમંત્રીપદે ચાલુ રખાવવામાં સિંહફાળો આપ્યો હોવાનું સર્વવિદિત છે. ગત લોકસભાની ચૂંટણીમાં મોદી મેજિક હેઠળ ભાજપે મહારાષ્ટ્ર સહિત દેશભરમાં સપાટો બોલાવી દીધો, એના પગલે વધુ બેઠકો લડનાર શિવસેના કરતાં ઓછી બેઠકો પર ઉમેદવારો મૂકવા છતાં ભાજપનો ઘોડો આગળ નીકળી ગયો હતો. પરિણામે મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી વખતે ભાજપના નવા ગુજરાતી રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહે શિવસેનાની હઠ સામે નમતું ન જોખ્યું અને તેથી બેઉ એનડીએના ઘટક પક્ષો અલગ થઇ જઇ બધી બેઠકો પર ચૂંટણી લડ્યા. શિવસેનાના વર્તમાન પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ અગાઉથી પોતે મુખ્યમંત્રી બનવા માગતા હોવાની વાત રમતી મૂકી દીધી હતી. ભાજપ પાસે ગોપીનાથ મુંડે જેવા સશક્ત ઓબીસી ચહેરાના અકાળ અવસાન પછી મુખ્યમંત્રીપદ માટે રજૂ કરી શકાય એવા એક માત્ર નેતા બચ્યા હતા તે નીતીન ગડકરી. ગડકરી ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે રાજનાથના પુરોગામી હતા, વળી એમને નાગપુર નિવાસી અને નાગપુરનાં સંસદ તરીકે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનું પણ સમર્થન હતું. પરંતુ નરેન્દ્ર મોદીએ એમની ચાણક્યનીતિ મુજબ એમનો મુખ્યમંત્રીપદનો ઉમેદવાર અગાઉથી જ નક્કી કરી લીધો હતો, જેને કબૂલ મંજૂર કર્યા વગર કોઇનો છૂટકો નહોતો. ગડકરીએ મુખ્યમંત્રી બનવ પોતાના ટેકેદારો મારફત ઘણું શક્તિપ્રદર્શન પણ કરાવી જોયું, છેલ્લે વિદર્ભના નેતા એકનાથ ખડસેને પણ ચડાવ્યા, પરંતુ ધાર્યું તો ધણીનું જ થયું. મોદીએ એમના આ લાડકા પોઠિયાનું નામ વિધાનસભાની ચૂંટણી ટાણે જ સૂત્ર સ્વરૂપે વહેતું મુકાવ્યું હતું : 'રાષ્ટ્ર મેં નરેન્દ્ર, મહારાષ્ટ્ર મેં દેવેન્દ્ર' સૂત્ર પર જ ચૂંટણી લડાયેલી ત્યારે દેવેન્દ્ર ફડણવીસની સામે ગડકરી ઉપરાંત એકનાથ ખડગે, વિનોદ તાવડે અને સવિશેષ તો મહત્ત્વાકાંક્ષી મુંડે-પુત્રી પંકજા રેસમાં હતા. એ બધાંએ સર્વસત્તાધીશની ઇચ્છાને વશ થઇ દેવેન્દ્ર ફડણવીસના નામની દરખાસ્ત કરવી પડી છે અને શિવસેનાએ પણ લાચાર થઇને ભાજપને બિનશરતી ટેકો જાહેર કરવો પડ્યો છે. શિવસેના આડી ફાટે તો પણ ભાજપના મુખ્યમંત્રી વિધાનસભાના ફ્લોર પર બહુમતી સાબિત કરી શકે એવી આગોતરી ગોઠવણ પવાર સાથે થઇ ચૂકી છે. ટૂંકમાં, હરિયાણામાં રબર સ્ટેમ્પ મુખ્યમંત્રી નીમ્યા પછી વડાપ્રધાન મોદીએ મહારાષ્ટ્રના ગઢ પર આણ ફરકાવીને એમની સર્વોપરિતા સિદ્ધ કરી દીધી છે.

## પૃથા ફાઉન્ડેશને જરૂરિયાતમંદ લોકો સાથે દિવાળી ઉજવી

ગાંધીનગર, તા. ૨૯

પૃથા ફાઉન્ડેશન દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. ત્યારે ફાઉન્ડેશને દિવાળીના પર્વમાં જરૂરિયાતમંદ વ્યક્તિઓને મીઠાઈ અને કપડાનું વિતરણ કર્યું હતું. પ્રકાશના પર્વમાં પૃથા ફાઉન્ડેશને શ્રમજીવી લોકોની અંધકારમય દિવાળીને પ્રકાશમય બનાવી હતી. દુઃખ ભર્યા ચહેરા ઉપર ખુશી રેલાવી હતી.

## આજે સે. ૨૪ માં ભગવાન બુધ્ધના જીવન પર પ્રવચન યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

સમગ્ર દેશમાં ભગવાન બુધ્ધના જીવન સંદેશના પ્રચાર અર્થે નિકળેલા બૌધ્ધ યાત્રીઓનું આજે ગુરૂવારે સવારે ૧૧ વાગે બુધ્ધ વિહાર, પ્લોટ નં. ૭૨૨, સેક્ટર-૨૪ ખાતે સ્વાગત કરવામાં આવશે. તેમજ બુધ્ધના જીવન સંદેશ પર સોમસ્વર વકતવ્ય આપશે. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે વિરેન્દ્ર નાગપુરકર, સોમ વાઘેલા, પ્રમુખ અનુ. સૂચિત જાતિ એકતા પંચ ઉપસ્થિત રહેશે.

# શ્રી સ્વામિનારાયણ મંદિર ગવાડા ખાતે વ્યસન મુકિત શિબિર-રેલી યોજાઈ



અમદાવાદ, તા. ૨૯

શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્યશ્રી પુરુષોત્તમ પ્રિયદાસજી સ્વામીજી મહારાજની અધ્યક્ષતામાં શ્રી સ્વામિનારાયણ મંદિર, ગવાડા (વિજાપુર)નો પંચમ વાર્ષિક પાટોત્સવ અંતર્ગત બે દિવસીય વ્યસન મુકિત શિબિર તેમજ રેલી યોજાઈ હતી.

શિબિરમાં આર્શીવાદ આપતા પ.પૂ. આચાર્ય સ્વામીજી મહારાજે જણાવ્યું હતું કે વ્યસન મનુષ્યને દાનવ બનાવે છે જેમ કે દરિયા-સમુદ્રે જેટલા મનુષ્યોને માર્યા નથી એટલા દારૂ-વ્યસને મનુષ્યના પ્રાણલીધા છે. શ્રી સ્વામિનારાયણ ભગવાન કહે છે કે વ્યસની મનુષ્ય સદાકાળ પોતાના જીવનમાં સુખ શાંતિ પ્રાપ્ત કરી શકતો હોતો નથી અનો એનું જીવન અનેક સમસ્યાઓથી ઘેરાયેલું હોયછે. નિર્વ્યસની મનુષ્ય જ સાચો સંસ્કારી મનુષ્ય છે. સંસ્કારી મનુષ્ય પોતાના સંતાનોને શિક્ષણ પ્રાપ્ત કરાવી સત્સંગના આભુષણથી સજાવે છે.

આજનો યુવા વર્ગ તે પણ પોતાનું જીવન ગમે તેમ વેડફી ન દેતાં પારીવારિક, સામાજીક, શૈક્ષણિક, આધ્યાત્મિક, રાષ્ટ્રીય, વૈશ્વિક આદિ અનેક પ્રવૃત્તિઓમાં સદઉપયોગ કરે.

યુવાનો ગ્રામોધ્ધારથી રાષ્ટ્રોધ્ધાર કરવા સક્ષમ હોય છે. અને તે માટે તેઓએ તો પ્રથમ નિષ્ઠાવાન, નિતિમાન, સંનિષ્ઠ, સમર્થ અને સક્રિય બનવું જરુરી છે.

આ પ્રસંગે ડોમેનિકલ કન્ટ્રીના પૂર્વ કોન્સ્યુલેટ જનરલ શ્રી રમણભાઈ પટેલ, અમેરિકન મંડળના ઉપપ્રમુખશ્રી બળદેવભાઈ પટેલ તથા સભ્યશ્રી કાનજીભાઈ પટેલ તથા પ્રતિષ્ઠિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# સુરમધુર સંસ્થાએ લાભ પાંચમે ગાંધીનગરના કલાકારોને મુહૂર્ત કરાવ્યું

**સતત છેલ્લા ૨૧ વર્ષથી દર લાભ પાંચમે મયંક દવે દ્વારા નગરના તમામ કલાકારોનો સ્નેહમિલન કાર્યક્રમ યોજવામાં આવે છે : કાર્યક્રમના પ્રારંભે ગાયક નઈમખાનને શ્રદ્ધાંજલિ અપાઈ : નવોદિત કલાકારોને પણ તક આપવામાં આવી**

ગાંધીનગર, તા. ૨૯

નૂતન વર્ષના પ્રારંભે લાભ પાંચમના શુભ દિવસથી દરેક વેપાર-ધંધા-રોજગારવાળા લોકો મુહૂર્ત કરે છે, પરંતુ કલાકારો જેવા કે ગાયકો, વાદ્ય કલાકારો, સંગીતકારો, ગીતકારો વગેરેને મુહૂર્ત કેવી રીતે કરવું? કારણ કે તેમને તો જ્યાં સુધી કોઈ કાર્યક્રમનું બુકીંગ ના મળ્યું હોય ત્યાં સુધી તેમના વ્યવસાયનું મુહૂર્ત તો ના જ થાય ને? ગાંધીનગરના એક કલાપ્રેમી અને કલા કસબી દ્વારા દર વર્ષે લાભપાંચમના શુભ દિવસે નગરના દરેક કલાકારોને મંચ આપી મુહૂર્ત કરાવવાનું કાર્ય છેલ્લા ૨૧ વર્ષથી અવિરત પણે કરી રહ્યા છે.

ગાંધીનગરની સુરમધુર કલાવૃંદ સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી મયંક દવે છેલ્લા ૨૧ વર્ષથી દર લાભ પાંચમના દિવસે નગરના તમામ કલાકારોનો સ્નેહ મિલન સમારંભ યોજી તેમને શુભ મુહૂર્તમાં તેમના કલા-વ્યવસાયનો શુભારંભ કરવાનું પ્લેટફોર્મ પુરૂ પાડે છે. આ વર્ષે પણ આ સ્નેહમિલન કાર્યક્રમ તેમણે લાભપાંચમે યોજયો હતો. આ કાર્યક્રમના પ્રારંભે તેમણે નૂતન વર્ષાભિનંદન સાથે તમામ કલાકારો અને તેમને માણવા આવેલા કલા રસિકોનું સ્વાગત કર્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં જ તાજેતરમાં અવસાન પામેલ ઉચ્ચ કોટિના ગાયક નઈમખાનને શ્રદ્ધાંજલિ આપતી પ્રાર્થના કરી કલાકાર દિગંત ભટ્ટના અવાજમાં તેમના પસંદગીના ગીતો રજુ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં નવોદિત કલાકારો ઉમંગ જહા અને નંદ દવે દ્વારા વેસ્ટર્ન ટચ આપતી સંગીતમય થીમ રજુ કરવામાં આવી હતી. મયંક દવેએ ત્યાર બાદ જુના ગીતોની યાદગીરી અપાવી જાણીતા કલાકારોને આમંત્રિત કરાયા હતા. જેમાં સુરેશ રત્નોત્તર દ્વારા ભક્તિ સંગીત તેમજ મોહમંદ રફીના ગીતો રજુ કરવામાં આવ્યા હતા, ત્યારબાદ પીનાકીન વ્યાસના સ્વરે સુગમ સંગીત અને નવોદિત માનસીના કંઠે જગજીતસિંહની ગઝલે કલારસિકોને ડોલાવ્યા હતા. આ કાર્યક્રમમાં દિગંત ભટ્ટે રફી-કિશોરના ગીતોની અનોખી જમાવાટ કરી હતી અને અંતમાં ગુજરાતના લોકનૃત્ય ગરબો રજૂ કરાતા ઉપસ્થિત તમામ શ્રોતાઓ પણ તેમાં જોડાયા હતા. આ સુર મધુર સંસ્થાએ નવા વર્ષે કલાકારોને આ સ્નેહ મિલનના આયોજન દ્વારા લાભ પાંચમે શુભ મુહૂર્તની અનોખી તક પુરી પાડી હતી.

# રાજ્યમાં પીટીસી, સીપીએડ, બીપીએડની ૩૬ કોલેજ બંધ

અમદાવાદ, તા. ૨૯

રાજ્યમાં પીટીસી, સીપીએડ અને બીપીએડ જેવા અભ્યાસક્રમોના વખતા પાણી શરૂ થઈ ગયા છે. જેના કારણે રાજ્ય સરકારે તાજેતરમાં જ આ અભ્યાસક્રમોની ૩૬ સરકારી કોલેજો એક સાથે બંધ કરી દેવાનો નિર્ણય કર્યો હતો એટલું જ નહીં બંધ કરાયેલ કોલેજોમાં ફરજ બજાવતા એક હજાર કરતા વધુ લેક્ચર્સને એક ઝાટકે છુટા કરી દેવાતા તેઓ મુશ્કેલ પરિસ્થિતિમાં મુકાઈ ગયા છે તેમજ બંધ કરાયેલ કોલેજોમાં પ્રવેશ લેનાર વિદ્યાર્થીઓ રઝળી પડ્યા છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજ્યમાં સરકારી પીટીસી કોલેજો, ગ્રાન્ટેડ સીપીએડ કોલેજો, ગ્રાન્ટેડ ડીપીએડ કોલેજો અને ડાયટ સંચાલિત પીટીસી કોલેજો મળીને કુલ ૮૭ સરકારી કોલેજો કાર્યરત છે. જો કે તાજેતરના વર્ષોમાં આ અભ્યાસક્રમો પ્રત્યે વિદ્યાર્થીઓનો ક્રેઝ ઘટતા તમામ કોલેજોનાં વખતા પાણી શરૂ થયા છે. સ્થિતિ એટલી હદે ખરાબ છે કે ડાયટ હસ્તકની પીટીસી કોલેજોમાં દ્વિતીય વર્ષમાં માત્ર ૯૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જેની સામે ૧૪૭ શિક્ષકો ફરજ બજાવે છે.

આ સ્થિતિમાં વિદ્યાર્થીઓની સંખ્યા નહીવત હોવાના કારણે તે સંસ્થાઓને બંધ કરી સ્ટાફને ફાજલ જાહેર કરવા અંગે સરકાર લાંબા સમયથી વિચારી રહી હતી. જે અંતર્ગત સરકારે આ અભ્યાસક્રમોની ૩૬ કોલેજો બંધ કરી હોવાનો નિર્ણય કર્યો છે. જેમાં ચાર સરકારી પીટીસી કોલેજો, ૭ ગ્રાન્ટેડ પીટીસી કોલેજો, ૬ ગ્રાન્ટેડ સીપીએડ કોલેજ, ૪ ગ્રાન્ટેડ ડીપીએડ કોલેજો અને ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ હસ્તકની ૧૫ પીટીસી કોલેજો મળીને કુલ ૩૬ કોલેજોનો સમાવેશ થાય છે. બંધ કરાયેલી કોલેજોના જે તે અભ્યાસક્રમના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફને ફાજલ જાહેર કરવામાં આવ્યો છે તેમજ બંધ કરાયેલ કોલેજોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને અન્ય કોલેજોમાં પ્રવેશ આપવાની જવાબદારી કમિશ્નર ઓફ સ્કુલ્સ અને પ્રાથમિક શિક્ષણ નિયામકને સોંપવામાં આવી છે.

## હરિની દ્રષ્ટિ...




સાહેબ, તમારે લોફર પકડવાનું સહેલું કામ છે....!
અમારે તો, આકાશમાં નીલોફર પકડવું અઘરૂ છે...!!

## નાગર મંડળ દ્વારા સ્નેહમિલન સમારોહનું આયોજન કરાયું

ગાંધીનગર, તા. ૨૯

શ્રી વડનગરા નાગર મંડળ ગાંધીનગર નવા વર્ષે વિવિધ કાર્યક્રમો યોજશે. જેમાં નવા વર્ષને આવકારવા અને જ્ઞાતિજનો એકબીજાથી પરિચિત થાય તે હેતુથી સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. તેમજ વિવિધ વાનગી હરિફાઈ અને રંગોળી હરિફાઈનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમ તા. ૨ નવેમ્બરના રોજ સે-૧૬માં આવેલ તિરુપતી બાલાજી હોલ ખાતે સાંજે ૪.૩૦ વાગે યોજવામાં આવશે. આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક જ્ઞાતિજનોએ તા. ૩૧ ઓકટોબર સુધીમાં તરંગ હાથી ૯૪૨૬૬ ૨૨૩૫૫ પર રજીસ્ટ્રેશન કરાવવા જણાવવામાં આવ્યું છે.

## લીંબોદરાની શિલ્પા વસાવા દોડમાં જિલ્લામાં પ્રથમ આવી

ગાંધીનગર, તા. ૨૯

સેક્ટર-૧૫માં આવેલ સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા ખાતે બહેનોની અંડર-૧૬ દોડ સ્પર્ધા યોજાઈ હતી. સ્પર્ધામાં લીંબોદરા હાઈસ્કૂલની વિદ્યાર્થીએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

રાજયમાં ખેલ મહાકુંભ યોજવામાં આવી રહ્યો છે. જેમાં વિવિધ સ્પર્ધાઓ યોજાઈ રહી છે. આ સ્પર્ધાઓમાં જિલ્લાની શાળાના વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક ભાગ લઈ રહ્યા છે. ગાંધીનગરના સેક્ટર-૧૫ માં આવેલ સાઈ સંકુલ ખાતે અંડર-૧૬ બહેનોની દોડ સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં લીંબોદરાની પી.પી. આર. હાઈસ્કૂલની વિદ્યાર્થીની શિલ્પાબેન વસાવાએ ૧૫૦૦ મી. દોડમાં સમગ્ર જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. જે બદલ શાળા પરિવારે અને આચાર્ય તેજસિંહ પરમારે અભિનંદન પાઠવ્યા છે.

## ગાયત્રી પરિવારે પુસ્તક મેળાનું આયોજન કર્યું

ગાંધીનગર, તા. ૨૯

ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા બ્રહ્મભોજ યોજના હેઠળ સદ્ સાહિત્ય પુસ્તક મેળો યોજવામાં આવ્યો છે.

સેક્ટર-૧૩ સ્થિત જય અંબે પરિવાર દ્વારા રજતજયંતિ મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. આ મહોત્સવમાં ગાયત્રી પરિવાર દ્વારા સદ્ સાહિત્ય પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. રજત જયંતિ મહોત્સવમાં પધારેલ નગરજનો સાહિત્યથી પરિચિત થાય તે હેતુથી પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

## ડૉ. આંબેડકર સમિતિ સેકટરદીઠ પ્રતિનિધિઓની વરણી કરશે

ગાંધીનગર, તા. ૨૯

ડૉ. આંબેડકર જન્મ જયંતિ મહોત્સવ સમિતિ વર્ષોથી ડૉ. બાબા સાહેબ આંબેડકરને લગતા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આ સમિતિનો વ્યાપ વધારીને વધુને વધુ લોકો પ્રવૃત્તિમાં સમેલ થાય તે હેતુથી સેકટર દીઠ પાંચ પ્રતિનિધિઓ નિમવાનું નક્કી કરવામાં આવેલ છે. ડૉ. બાબા સાહેબ આંબેડકરને લગતી પ્રવૃત્તિઓમાં રસ ધરાવતા ગાંધીનગર શહેરના અનુ. જાતિના ઈચ્છુક વ્યકિતઓએ સ્વેચ્છાએ પોતાની વિગતો નામ/સરનામું/સંપર્ક નંબર સાથે આ સમિતિના પ્રમુખ પ્રવિણભાઈ શ્રીમાળી ટે.નં. ૮૦/ગુ.હા. બોર્ડ/સે-૨૫/ગાંધીનગરને મોકલી આપવા અનુરોધ કરવામાં આવે છે.

# એ શેરદિલ યુવાન જીંદગીના મહાસાગરમાં તણખલે તરતો રહ્યો... પણ પરિવારને બચાવી લીધો...

**સમાજ ચિંતન**
- પોપટલાલ પ્રજાપતિ

નવા વર્ષની ઉજવણી પુરી થઈ, પ્રારંભ ખુબ ધમાકેદાર હતો, પણ ''ચાર દિન કી ચાંદની ફીર વોહી રાત...'' બસ ફરી એ જ મથામણ, એ જ વિટંબણા એ જ વ્યથા. કોણ જાણે કયારે આવશે આનો અંત... આવે પણ કયાંથી? દુનિયાની કયાં એસ્કપાયરી ડેટ લખાયેલી છે? આ તો આમ જ ચાલ્યા કરવાનું આપણે તેના મુક સાક્ષી બની રહો, કયાં તો તેનો મક્કમ પ્રતિકાર કરવાની ક્ષમતા કેળવી લો. સમય કયાં કોઈની પરવા કરે છે? આપણે તેને અનુકૂળ બનવા શીખવું પડશે. ખેર, નવા વર્ષે સંબંધો બનાવવા, કેળવવા અને તેને જાળવવાની કળા શીખી લઈએ, એટલે જીંદગીનો બોજ કંઈક હળવો બને. કયારેક તમારા માર્ગમાં અડચણ રૂપ બનવા કતાર લાગે છે, ઘણી વખત તો કોઈ પણ કારણ વગર અનાયાસે દુશ્મનો ઉભા થઈ જાય છે. હંમેશા બનતું આવ્યું છે તેમ તમે જેને નજીકનો સંબંધી માનતા હોય એ જ સમયે આવ્યે ખુબ હોશિયારીથી તમારી પીઠ પાછળ ખંજર ભોંકી દે છે અને લોહીનું એક ટીપું પણ પડવા દેતા નથી. આ જ તો હોય છે તેમની હોશિયારી અને આવા લોકોથી જ આપણે છેતરાઈએ છીએ. હા, ફક્ત તમે આ બધું સહન કરતા જાઓ ત્યાં સુધી કોઈ તકલીફ હોતી નથી.

તકલીફ ત્યારે ઊભી થાય છે જયારે તમે પ્રતિકાર કરો છો અને ત્યારે તમારો પ્રતિકાર ગુનો બની જાય છે. આ દુનિયામાં એવા અસંખ્ય લોકો એવું જ માને છે કે તમે કાયમ અત્યાચારનો શિકાર બનતા રહો પણ ઊંહકારો સરખો કરતા નહી. તમારી સમસ્યાઓ, તમારી મુંઝવણોનો ઉકેલ તમે જાતે જ મેળવી લો. તમે કોઈના માટે કંઈક પણ ઘસાયા હોય તો એ તમારી ફરજ હતી, તમે બદલાની અપેક્ષા રાખી શકો નહિ. સંસારમાં રહેતા મોટા ભાગના લોકો ફક્ત પોતાના હિતોનું રક્ષણ કરવા મથામણ કરે છે. આમ કરવાથી બીજાને થતું નુકશાન એમને જરાય દુઃખ પહોંચાડતું નથી. પણ દુનિયામાં કયાંક કયાંક એવા ફરિશ્તાઓ જોવા મળે છે. જે કાયમ દુઃખોનો પહાડ પોતાના માથે લઈ બીજાને છત્રછાયા આપતા રહેશે. સામેથી ઉપેક્ષા, તિરસ્કાર, નફરત મળે તો પણ, કારણ કે આને તે પોતાનું કર્તવ્ય માને છે. આવા એક મહામાનવની વાત આપણે વાગોળવી છે. નવા વર્ષે કોઈને તે પ્રેરણારૂપ બની રહે તો આજનો લેખ સાર્થક બની જાય...

ફક્ત પંદર વર્ષની ઉંમરે પિતાની છત્રછાયા ગુમાવનાર એ વિદ્યાર્થી પરિવારમાં સંતાનોમાં સૌથી મોટો હતો (ફક્ત પંદર વર્ષ) પણ નાની ઉંમરે એટલી બધી જવાબદારીઓનો બોજ આવી પડ્યો કે કયારે બચપણ વિત્યું, યુવાની કયારે જતી રહી એ જ ખબર ન પડી. યૌવનમાં કાયમ પાનખરનો જ અહેસાસ થયો. યુવાનીમાં વસંત હોઈ શકે તેની તો કલ્પના પણ ન થઈ. પોતે જીંદગી માણી નથી પણ બીજાને માણવા દીધી છે. પોતે દાંપત્ય સુખની પરવા કરી નથી કારણ કે ભર યુવાનીમાં ઘડપણની જવાબદારી ઉઠાવવી પડી છે ભાઈ, બહેનના દાંપત્ય સુખને મહેંકતું કરવા પોતાની જાત ઘસી નાખવી પડશે, આ સ્વીકારી લીધેલું સત્ય હતું. પોતાના એક માત્ર પુત્રની કેરિયર બનાવવાની ચિંતા કરી નથી. બહેનોના ભાઈ અને પિતાની ભૂમિકા તેણે નિભાવવી હતી. આ યુવાને પરિવારને બે પાંદડે કરવા સંઘર્ષ કર્યો...

સરકારી નોકરીનો ત્યાગ કરી ધંધામાં ઝુકાવ્યું. ધંધામાં જમાવટ કરી પણ બહેનોનો ઉચ્ચ કુળમાં સંબંધ કરી સુખી કરવા ધંધો વેચી બહેનોના વાજતે ગાજતે લગ્ન કરાવ્યા. એના માટે ધંધો પર કુરનાબ થઈ ગયો. આ યુવાન અથડાયો, કુટાયો, સંસારની ઠોકરો ખાતો ગયો પણ પરિવારની પ્રતિષ્ઠાને આંચ આવવા ન દીધી. પોતે બચપણમાં પિતાની છત્રછાયા ગુમાવી હતી એનો મતલબ પિતાએ ભરયુવાનીમાં બીજી યુવતી સાથે લવમેરેજ કરી બીજા લગ્ન કરી, પરિવારને રખડતો કરી જતા રહ્યા હતા. યુવાનની શૈક્ષણિક ક્ષમતા ઉચ્ચ પ્રકારની હતી પણ પોતાના સ્વાર્થનો વિચાર કરવામાં પરિવાર ડુબતો હતો અને... પોતે જીવનના મહાસાગરમાં તણખલે તરતો રહ્યો, પણ પરિવારને બચાવી લીધો. મહાનતાની કોઈ ચોક્કસ પરિભાષા નથી, જે નિઃસ્વાર્થ બની પરોપકારી કામ કરે તે મહાન, પણ આ યુવાન માટે મહાનતા શબ્દ નાનો પડે કારણ કે પોતાની પરવા કર્યા વિના પરિવારને ડૂબતો બચાવવા તે જીંદગીભર હલેસા મારતો જ રહ્યો... મારતો જ રહ્યો... અવિરતપણે... અને... એક દિવસ કયાંકથી ઉડતા સમાચાર આવ્યા, તેના પિતા જે આજ દિન સુધી અજ્ઞાતવાસ હતા તેમનું અવસાન થયું છે અને આ યુવાને બચપણમાં પરિવારનો ત્યાગ કરી ભાગી ગયેલા પિતાની અંતિમવિધિ, અંતિમ ક્રિયા, તર્પણ વિગેરે કરવાનું નક્કી કર્યું. કોઈએ તેનું આ કૃત્ય ગાંડપણમાં ખપાવ્યું કારણ કે લોકો માનતા કે જે પિતા પરિવારની ચિંતા ન કરી ઘરબાર છોડી ચાલ્યા ગયા હોત તે પિતા પ્રત્યે લાગણી શાની? પણ આ જુદી માટીનો માનવી હતો, તેને કપાતર નહોતું થવું. લોહીના સંબંધનો ત્યાગ એમ થોડો થઈ શકે? એટલું જ નહિ તેની સાવકી માતા અને તેની એક દીકરીને સગી બહેન ગણી તેની સાર સંભાળ લેવાનું નક્કી કર્યું. દુનિયાની નજરે આ પાગલપન હતું પણ તેને સંબંધોની એક નવી જ મિસાલ ખડી કરવી હતી. સંબંધો જાળવવા મહેનત કરવી પડે છે, તેના માટે પેંતરા-દાવપેંચ ન લડાય. વાત હજુ આટલેથી અટકતી નથી સમાચાર આવ્યા કે સાવકી માતા પણ મૃત્યુ પામી ગઈ... રહી અનાથ દીકરી. આ યુવાને તેની સગી બહેનની જેમ પરવરીશ કરી અને તેના માટે સંસ્કારી, ખાનદાન યુવક શોધી તેના પણ લગ્ન કરાવી આપ્યા. તે દીકરીને મા-બાપ ગુમાવ્યાના રંજ કરતાં એક ફરિશ્તા સમાન ભાઈ મેળવ્યાનો આનંદ હતો. સંબંધોની એક ગરિમા હોય છે, બહુ ઓછા લોકો આવી ગરિમા ટકાવી શકે છે.

જીવન સંગ્રામ ખેડતા ખેડતા આ યુવાનની જીંદગીનો મધ્યાહ્ન પણ પુરો થાય. જીંદગીમાં ઉત્તરાર્યમાં વિતેલી ક્ષણોના એક પછી એક દૃશ્યો નજર સમક્ષ આવે ત્યારે કયારેક તે ગમગીન બની જાય છે. કયારે આંખના ખૂણા ભીના થઈ જાય છે કયારેક ચહેરા પર આનંદની લકીર ખેંચાઈ જાય છે. ચાલો, જીવન વ્યર્થ તો નથી ગયું. પણ કાંટાળા માર્ગે ચાલીનેય જેમના માર્ગમાં ફુલ વેર્યા એ લોકોની ઉપેક્ષા કયારેક સહન થતી નથી. અંગત સ્નેહીજનો કે જેમના માટે જીવન સ્વાહા કરી નાખ્યું તે લોકોને એમ લાગે કે અમે બહુ મોટા થઈ ગયા છીએ હવે અમારા આંગણે આ નાનો માણસ ન શોભે, ત્યારે તેનું હૃદય રડી ઊઠે છે. યહીં હૈ જીંદગી... કોઈની પાછળ જીંદગી ખરચી નાખો તોય કોઈ કદર કરનારું ન મળે અને કેટલાક જીંદગીભર લોકોને હલાલ કરતા હોય છતાં દુનિયા તેની ઓવારણા લેતી હોય ત્યારે લાગે કે દુનિયામાં માનવતાની વ્યાખ્યાઓ બદલાઈ ગઈ કે શું?

ખેર, આપણે આપણો ધર્મ ન ચૂકીએ, પરમાત્મામાં શ્રદ્ધા રાખીએ, તેના ચોપડે જમા-ઉધારના હિસાબમાં કયારેય ભુલ થતી નથી. સૌને યથા સમયે તેનું પરિણામ ભોગવવું જ પડે છે. સારાને સારું, ખરાબને ખરાબ.... આપણે પ્રભુમાં શ્રદ્ધા જ રાખવી રહી...